Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

# CIMS News Care & Cure

Volume-10 | Issue-105 | April 25, 2019

Price : ₹ 5/-

## અંદરના પાને...


- હૃદય ના તમામ રોગો માટે શ્રેષ્ઠ સારવાર આપી સીમ્સ હોસ્પિટલ
- હૃદય ના વાલ્વનો રોગ
- સ્વાઈન ફલુ
- મેનોરેજીયા (વધારે પડતો માસિક સ્ત્રાવ)




CIMS News
Care & Cure
Volume-10 | Issue-105 | April 25, 2019

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

# હૃદય ના તમામ રોગો માટે શ્રેષ્ઠ સારવાર આપી સીમ્સ હોસ્પિટલ



હૃદય રોગનું મુખ્ય કારણ છે ધમનીઓ કઠણ થઈ જવી અથવા ધમનીઓમાંથી લોહી વહેવામાં અવરોધ ઉભો થવો. આવી હાલતમાં હૃદયને લોહી ઓછું પહોચે છે. આ અવરોધને કારણે એન્જાયના પેકટોરીસ અને ત્યારબાદ હાર્ટ એટેક આવે છે. હૃદયમાં લોહી ઓછું પહોચવાને કારણે દર્દીને છાતીમાં ભારે દુખાવો અને ગભરામણ થવા લાગે છે. આ સ્થિતીને **"અસ્થિર એન્જાયના"** તરીકે ઓળખવામાં આવે છે. હૃદય ને લોહી સદંતર મળતું બંધ થઈ જાય ત્યારે હૃદયના જે ભાગને અવરોધ ધરાવતી ધમની દ્વારા લોહી મળતું હોય તે ભાગ હંગામી ધોરણે મૃત્યું પામે છે, અન્ય શબ્દોમાં કહીએ તો હૃદયના તે ભાગમાંથી ચેતન જતું રહે છે અને તે હિસ્સો કાર્યક્ષમતા ગુમાવી બેસે છે. આવી પરિસ્થિતીને આપણે હાર્ટ એટેક અથવા હૃદયરોગના હુમલા તરીકે ઓળખીએ છીએ.

"હૃદયરોગના હુમલા પછીનો તરતનો સમય ખૂબજ કટોકટીનો હોય છે. હાર્ટ એટેક આવ્યા બાદ હૃદય લોહી પંપ કરવાનું ચાલું રાખે છે, પણ પહેલા કરતા પંપ કરવાની ક્ષમતા ઘટી જાય છે. જો હુમલા પછીના ૬ થી ૧૨ કલાકમાં યોગ્ય સારવાર આપવામાં આવે તો હૃદયના જે ભાગને લોહી ન મળવાને કારણે નુકશાન થયું હોય તે ભાગને ફરીથી કાર્યરત કરી શકાય છે. આથી હૃદયરોગના હુમલા પછી તાત્કાલિક સારવાર આપવામાં આવે તે વિશેષ મહત્વનું છે."

"હૃદયરોગના કેટલાક હુમલા ઓચિંતા અને ખૂબ જ તીવ્રતાથી આવે છે, પરંતું મોટાભાગના કિસ્સાઓમાં હૃદયરોગના હુમલાઓ ધીમે રહીને ચાલું થતા હોય છે. આ સ્થિતીના સામાન્ય લક્ષણોમાં છાતીમાં ગભરામણ, ઠંડો પરસેવો છૂટવો, બાવડાં, પીઠ, ગળા, જડબાં અથવા પેટમાં દુખાવો અથવા, બેચેની થવી, શ્વાસ લેવામાં મુશ્કેલી થવી, મોળ ચડવો કે મગજ ખાલી ખાલી લાગે. જો દર્દીને છાતીમાં ગભરામણ થતી હોય અથવા અહી દર્શાવેલા એકથી વધું લક્ષણો જણાતા હોય તો એક મિનીટનો પણ વિલંબ કરવો જોઈએ નહી( પાંચ મિનિટથી વધુ તો કયારેય નહી). આવા સંજોગોમાં કોઈને મદદ માટે બોલાવીને તાત્કાલિક હોસ્પિટલ પહોચી જવું જોઈએ."

"ડાયાબીટીસના દર્દીને હૃદયરોગનો હુમલો આવે ત્યારે દુખાવો ન થાય તેવું બની શકે. તેમને કદાચ કોઈ જ લક્ષણો ન અનુભવાય અથવા તો થોડો શ્વાસ ચઢે અથવા પરસેવો વળે કે પછી ખૂબ જ નબળાઈ લાગે. આ પ્રકારના કિસ્સાઓનો ખ્યાલ ન આવે અને તેની સારવાર થાય નહી તેવું બની શકે છે. ઘણાં લોકો આવા સામાન્ય લક્ષણોને ધ્યાનમાં લેતા નથી."

સંશોધનોમાં એવું ફલિત થયું છે કે હૃદયરોગના હુમલાથી થતા મોટાભાગના મૃત્યું છાતીમાં દુખાવો થાય ત્યાર પછીના પહેલા કલાકમાં જ થાય છે, પણ જો લોહી ન પહોચતું હોય તેવા હૃદયના સ્નાયુંના ભાગને થોડીવારમાં લોહી આપવામાં આવે તો તે ખામી વગર ફરીથી બિલકુલ સ્વસ્થ થઈ જાય છે, કહેવાનું એટલું જ કે હૃદયરોગના હુમલાની સર્વોત્તમ સારવાર જેટલી વહેલી મળી શકે તેટલી દર્દીનો જીવ બચાવવામાં વધું ઉપયોગી નિવડે છે.



## હૃદયરોગના હુમલામાં શું કરવું જોઈએ ?

દર્દી જે કામ કરતાં હોય તે કામ બંધ કરીને આરામ કરવો જોઈએ. ઓગળી શકે તેવી એસ્પિરીનની એક ગોળી લેવી જોઈએ, તેનાથી લોહી પાતળું થઈ જાય છે અને જામતું અટકે છે. નાઈટ્રોગ્લિસીરીનની એક ગોળી જીભ નીચે મૂકીને તરત જ મદદ લઈને એમ્બ્યુલન્સ બોલાવવી જોઈએ.

સીમ્સ હોસ્પિટલમાં હૃદયરોગની સારવાર તથા ઓપરેશન કરવું પડે તેવી પરિસ્થિતીમાં ઓપરેશન પૂર્વે, દરમ્યાન તથા ઓપરેશન પછી કોઈપણ પ્રકારની સમસ્યા પેદા થાય નહી તે માટે સતત સારવારની શ્રેષ્ઠ વ્યવસ્થા ઉપલબ્ધ છે.

**સૌજન્ય**

**ડૉ. હેમાંગ બક્ષી - MD, DM, FESC**
**ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ**
**મો. +91-98250 30111**
hemang.baxi@cims.me

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

CIMS News
Care & Cure
Volume-10 | Issue-105 | April 25, 2019

## હૃદય ના વાલ્વનો રોગ

તમને તાજેતરમાં જરાક ચક્કર આવતા હોય તેવું લાગે છે અને કોઈક વખત છાતીમાં દુઃખાવો અનુભવો છો ? તમે જોયું છે કે તમોને જરાક શ્વાસ ચડી જાય છે અને હંમેશ કરતાં ચોક્કસપણે વધારે થાકી જાવ છો ? તમને ચિંતા થાય છે કે તમે પ્રવાહી રોકી રહયા છો. તમે સભાન રીતે તમારા ડોકટર પાસેથી શંકા દૂર કરવાનું નક્કી કર્યું. જે હાલમાં સ્ટેથોસ્કોપ વડે તમારા હૃદય ને ધ્યાનપૂર્વક સાંભળી રહયા છે.

વાલ્વ નાના પણ તમારા હૃદયના સૂચક રીતે અગત્યના ઘટક છે. તેઓ લોહી સાચી દિશામાં વહેતું રહે તે ધ્યાન રાખવામાં મદદ કરે છે. સામાન્ય રીતે, વાલ્વ ઝડપથી અનુ પૂરેપૂરા ખૂલે અને બંધ થાય છે. જે સ્ટેથોસ્કોપ દ્વારા સંભળાતો લબ-ડબ, લબ-ડબ અવાજ પૂરો પાડે છે. જયારે તમારા હૃદય ના વાલ્વ યોગ્ય રીતે કામ કરતા બંધ થાય. ત્યારે હૃદય માંથી વહેતા લોહીના પ્રવાહમાં વિક્ષેપ પડે છે. જે સ્વિશ-સ્વિશ, સ્વિશ-સ્વિશ અવાજમાં પરિણમે છે. તમારા ડોકટર આ બંન્ને અવાજ વચ્ચેના તફાવતને ઓળખવા માટે તાલીમબધ્ધ્ છે.

કેટલાક લોકો જન્મજાત ખામીના કારણે હૃદય ના વાલ્વના રોગ સાથે જન્મતા હોય છે. વાલ્વ ખોટા માપના હોઈ શકે છે અથવા ફ્લેપ( લિફ્લેટ તરીકે પણ ઓળખાય છે.) જે ખોટી રીતે રચાયેલા હોય અથવા તેઓ વાલ્વને આધાર આપતી પેશીઓ (ટિસ્યુ) ની કડી (એન્યુલસ તરીકે ઓળખાય છે.) સાથે યોગ્ય રીતે જોડાયેલ ન હોય. ઘણી વખત, આ ખામીઓ જન્મ સમયે અથવા જીવનમાં પાછળથી સુધારી શકાય છે.


અન્ય લોકો તંદુરસ્ત વાલ્વ સાથે જન્મતા હોય છે પરંતુ પાછળથી એકવાયર્ડ ( ઉપાર્જિત ) વાલ્વના રોગ તરીકે ઓળખાતા હૃદય ના વાલ્વ ના રોગ વિકસે છે. એકવાયર્ડ (ઉપાર્જિત) વાલ્વ રોગના ચેપ (દા.ત એન્ડોકાર્ડાઈટિસ) અથવા સિસ્ટેમિક રોગો (દા.ત. સંધિવા) સહિતનાં ઘણાં શકય કારણો હોઈ શકે છે. આનુ પરિણામ સખત, અક્કડ વાલ્વ જે લોહીના આગળના પ્રવાહને મર્યાદિત કરે છે ( સ્ટેનોટીક વાલ્વ ) અથવા ચૂતો વાલ્વ જે સજ્જડ રીતે બંધ થતો નથી. જે ઉલટા પ્રવાહને પરવાનગી આપે છે ( રિંગર્જિટન્ટ વાલ્વ ) હોઈ શકે છે. કોઈ વખતે લોકોને બંન્ને પ્રકારના વાલ્વના રોગ હોય છે.( મિશ્ર વાલ્વ રોગ ).

વાલ્વ રોગ હાર્ટ-એટેક, હૃદય ની ધમનીના રોગ, હૃદય ના સ્નાયુના રોગ, મુખ્ય ધમનીનો સોજો (મુખ્ય ધમનીનું ગંભીર રીતે પહોળુ થવું) માનસિક તાણ, સંયોજક પેશીઓનો રોગ, અને કયારેક, ગાંઠ, કેટલીક દવાઓ અથવા રેડિયેશન થેરપિના કારણે પણ થઈ શકે છે.

ભારતમાં, સંધિવાને લગતા હૃદય-રોગ બાળકો અને યુવાન પુખ્તોમાં વાલ્વને લગતા હ્રુદય રોગનું મુખ્ય કારણ છે. સંધિવાને લગતા હૃદયરોગ બાળકોમાં બેકટેરિયાથી થતા ગંભીર પ્રકારના (સ્ટ્રેપ્ટોકોકલ) ગળાના ચેપને કારણે થતા સંધિવાના તાવને કારણે થાય છે. સંધિવાને લગતા તીવ્ર હ્રુદયરોગ બાળકો અને યુવાન પુખ્તોમાં સ્ટેનોટીક અથવા રિગર્જિટન્ટ વાલ્વનું અને વાલ્વ બદલવાનું મુખ્ય કારણ છે.

વાલ્વના રોગ સાથે ના દર્દી શારીરીક તપાસ અને આગળનાં પરિક્ષણોમાંથી પસાર થઈ જાય ત્યારબાદ, ડોકટરો વાલ્વ બદલવાનું સૂચવી શકે છે. સમગ્ર વિશ્વમાં, મોટા ભાગે, માઈટ્રલ અને એઓર્ટિક વાલ્વ ઉપર, દર વર્ષ હૃદય ના વાલ્વની અનેક શસ્ત્રક્રિયાઓ કરવામાં આવે છે. વાલ્વ બદલવાની શસ્ત્રક્રિયા દૈનિક ધોરણે કરવામાં આવે છે.


**આકૃતિ.૧- વાલ્વ દર્શાવવા માટે આડા કાપેલ હૃદય નું ચિત્ર**



**આકૃતિ-૧**

શરીર રચના અને હૃદય નું કાર્ય

તમારૂ હૃદય એક અદભૂત અંગ છે. તે પાંસળીઓના પાંજરાની નીચે ફેફસાંઓને વચ્ચે રહેલુ છે. હૃદય નો આકાર ઉંધા પીઅર (ફળ) જેવો હોય છે અને લગભગ બંધ કરેલ મુઠ્ઠી જેટલા કદનું જ હોય છે. આ સ્નાયુબધ્ધ્ અંગ પ્રત્યેક મિનિટે પાંચ થી છ લિટર લોહી લોહીની નળીઓ દ્વારા શરીરના બધા જ ભાગમાં સતત પહોંચાડતું હોય છે. હૃદય માં ચાર ખાનાં હોય છે અને તે સ્નાયુઓની દિવાલ ( સેપ્ટમ ) દ્વારા ડાબી અને જમણી બાજુઓમાં વહેચાયેલ હોય છે. હૃદય ની પ્રત્યેક બાજુ વધુમાં વધું ઉપરનું ખાનું (એટ્રિયમ), જે શિરાઓમાંથી લોહી મેળવે છે, અને એક વધારે મોટું નીચેનું ખાનું ( વેન્ટ્રિકલ ), જે ધમનીઓમાં લોહીને ધકેલે છે. એટ્રિઆ અને વેન્ટ્રિકલ, સંકોચાઈને અને શિથિલ થઈને લોહીને હૃદયની બહાર ધકેલવાનું, સંયુકત રીતે કામ કરે છે. આ સંકોચન અને શિથિલતાના કારણે લોહી એટ્રિયાથી વેન્ટ્રિકલ્સમાં જાય છે. જે વાલ્વના ખુલવા અને બંધ થવામાં પરિણમે છે આનાથી હૃદય ના ધબકારાનો વિશિષ્ટ અવાજ પેદા થાય છે. જેને સાંભળવા માટે તમારા ડોકટર તાલીમબધ્ધ્ છે. સંકોચન અને શિથિલતાનુ આ ઘટનાચક્ર પ્રતિ મિનિટ લગભગ ૭૦ વખત થાય છે, અથવા દિવસમાં ૧૦૪૦૦૦ વખત. એક સરેરાશ જીવન સમયમાં, હૃદય ૨.૫ બિલિયન વખત સુધી ધબકી શકે છે.




**આકૃતિ-૨**

**આકૃતિ-૨. હૃદયના જુદા જુદા ભાગો દર્શાવતું ચિત્ર.** હૃદય ની ડાબી અને જમણી બાજુઓનાં નામ શરીરમાં તેમની ગોઠવણી મુજબ આપવામાં આવેલ છે. જયારે સામાન્ય રીતે હૃદયની આકૃતિઓ અંગને સામેની બાજુએથી દર્શાવતા હોય છે.જેથી કરીને આ આકૃતિ હૃદયની ડાબી બાજુને જમણી બાજુએ અને તેજ પ્રમાણે બીજી બાજુ દર્શાવે છે.

**સૌજન્ય**

**ડૉ. ધીરેન શાહ - MB, MS, MCH (CVTS)**
**કાર્ડિયોથોરાસીક અને વાસ્કયુલર સર્જન**
**મો. +91-98255 75933**
dhiren.shah@cims.me

CIMS News
Care & Cure
Volume-10 | Issue-105 | April 25, 2019



# SWINE FLU



Swine flu is a respiratory infection caused by a type of Influenza virus (H1N1). This infection can range from asymptomatic infection to mild viral flu to severe, complicated diseases requiring hospitalization. Children, pregnant females and elderly patients have been found to develop complications at a higher rate.

**Transmission :** It is mainly spread from one person to another through respiratory droplets. Also, it can be transmitted from the patient to a healthy person by direct contact, touch or touching the infected surroundings of the patient.

**Clinical Signs and Symptoms :** Fever, cough, sore throat, headache, bodyache, joint pains, severe weakness, vomiting and diarrhea are the major symptoms. Some patients may develop complications like respiratory distress, decrease in oxygen saturation, drowsiness and altered sensorium, kidney and liver dysfunction etc. These patients need hospitalization and may need Oxygen or ventilatory support.

**Diagnosis :** H1N1 virus infection can be diagnosed by a test called RT-PCR, which is processed from the nasopharygeal swab of the patient.

**Treatment :** A medicine called Oseltamivir is available for treatment, which works best if started early, especially within 48 hours of onset of illness. Rest of the treatment is supportive.

**Prevention :** Swine flu can be prevented by taking vaccine, though the efficacy is not 100%. It is a safe vaccine, it should be taken every year.

**સૌજન્ય**

**Dr. Surabhi Madan - FID, MD Medicine**
**Consultant Infectious Diseases**
**Mo.+91-97129 71863**
surabhi.madan@cimshospital.org



Volume-10 | Issue-105 | April 25, 2019

# મેનોરેજીયા (વધારે પડતો માસિક સ્ત્રાવ)



જો માસિકસ્ત્રાવ દરમ્યાન વધારે પડતું બ્લીડીગ થાય (>80 ml) અથવા વધારે લાંબા સમય સુધી (7days) Periods ચાલું રહે તો તેને મેનોરેજીયા કહેવામાં આવે છે.

Commonest ગાયનેક પ્રોબ્લેમ

Puberty થી લઈ મેનોપોઝ સુધી ગમે તે સમયે થઈ શકે છે.

**કારણો**

- હોર્મોનલ ઈમબેલેન્સ
- Thyroid Problem
- Cu-T insertion
- ગર્ભાશયમાં મસાની તકલીફ (Endo metrial Polyp)
- એડીનોમાયોશીસ ( ગર્ભાશય ની દિવાલ જાડી બનવી )
- ફાઈબ્રોઈડ ની ગાંઠ
- પેલ્વીક ઈન્ફેકશન
- અંડાશયની ગાંઠ
- Endometriosis
- Bleeding Disorder (સામાન્ય રીતે young girls માં જોવા મળે છે)
- કેન્સર
- ગર્ભાયશનું કેન્સર
- ગર્ભાશયના મુખનું કેન્સર અથવા અંડાશયનું કેન્સર
- દવાઓ :- જેવી કે લોહી પાતળું કરવાની દવાઓ

**નિદાન**

- Proper History
- ગાયનેકોલોજીકલ તપાસ
- **Virginal - સોનોગ્રાફી**
  - ગર્ભાશય
  - અંડાશય
  - ગર્ભાશયની દિવાલ
- CBC
- Thyroid test
- જરૂર પડે તો CT scan અથવા MRI
- એન્ડોમેટ્રીયલ બાયોપ્સી
- જો મેનોપોઝ પછી બ્લીડીંગ હોય
- Endometrium ની જાડાઈ વધારે હોય
- Hysteroscopy :- દૂરબીન વડે ગર્ભાશયની અંદરની તપાસ

**સારવાર:- કારણ મુજબ**

**Hormonal Imbalance**

- Hormonal Rx ઈસ્ટ્રોજન - પ્રોજેસ્ટેરોન અથવા પ્રોજેસ્ટેરોન
- NSAID
- એન્ટીફાઈબ્રીનોલાયટીક
- Hormone વાળી આંકડી (Mirena) ખૂબ જ ઉપયોગી છે.
- Endometrial Ablation Thermal Balloon ablation
- TCRE ટ્રાન્સ સર્વાઈલ રીસેકશન of Endometrium
- Hysterectomy (ગર્ભાશય કાઢવું)
- Myomectomy -Fibroid ની ગાંઠ કાઢવી.
- Polypectomy -મસો કાઢવો.
- આ બધાં ઓપરેશન લેપ્રોસ્કોપી કે હિસ્ટ્રોસ્કોપી જે દ્વારા કરી શકાય છે.

**યુટરાઈન Artery Embolization**

આમ મેનોરેજીયા ખૂબ જ કોમન પ્રોબ્લેમ છે, પરંતું તેને લીધે દર્દીને એનીમીયા અને બીજા કોમ્પ્લીકેશન થઈ શકે છે. મેનોરેજીયાનું સમયસર નિદાન અને સારવાર ખૂબ જરૂરી છે.



**સૌજન્ય**

**ડૉ. સ્નેહા બક્ષી - MD, (Obst. & Gynaec)**
**Specialist in High Risk Pregnancy, Endoscopy & Infertility**
**મો. +91-98255 07370**
sneha.baxi@cimshospital.org

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

# સીમ્સ હોસ્પિટલ મેડિકલ ટીમમાં નવા ડૉક્ટરનો સમાવિષ્ટ

## સીમ્સ કેન્સરમાં નવા ડૉક્ટરનો સમાવિષ્ટ



**ડૉ. વત્સલ એન. કોઠારી**
DNB (Plastic Surgery),
MCh, MS (General Surgery), MBBS
**માઈક્રો વાસ્ક્યુલર**
**ઓન્કો રી-કન્સ્ટ્રક્ટીવ પ્લાસ્ટીક સર્જન**
મો. +91 86929 87753
vatsal.kothari@cimshospital.org



**ડૉ. મહાવીર તડૈયા**
MBBS, MS, M.Ch
**ઓન્કો સર્જન**
મો. +91 99099 27664
mahavir.tadaiya@cimshospital.org



**ડૉ. મીતા માંકડ**
MBBS, MD, MCh - Teacher
(Gynaec - Oncology)
**ગાયનેકોલોજીક ઓન્કોલોજીસ્ટ**
મો. +91 98250 24913
meeta.mankad@cimshospital.org

## સીમ્સ ઓર્થોપેડીકમાં નવા ડૉક્ટરનો સમાવિષ્ટ



**ડૉ. પાર્થ પારેખ**
MBBS, DNB
**Consultant Orthopaedic**
**Foot & Ankle Surgeon**
મો. +91 97123 00124
parth.parekh@cimshospital.org



**ડૉ. પ્રવીણ સારદા**
FRCS (Trauma & Orthopaedics), UK
Fellow, European Board of Orthopaedics and Traumatology (FEBOT)
MBBS, MS (Ortho), Dip. SICOT (Gold Medalist)
**કન્સલટેશન ઓર્થોપેડીક સર્જન (ખભો અને કોણી)**
મો. +91 77420 89371
praveen.sarda@cimshospital.org

**એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો : +91 98250 66661, +91-79-3010 1008**

CIMS
HAPPY HEALTH



# ચાલો સૌ ગરમી સામે રક્ષણ મેળવીએ

## ગરમીથી કેવી રીતે બચીશું ?

- વધુ પ્રમાણમાં પાણી, છાશ અથવા અન્ય પ્રવાહી પીસુ.
- લાંબો સમય તડકામાં નહીં રહીએ
- હળવા રંગના કપડાં પહેરીશું
- ઠંડકવાળા સ્થળ પર સમયાંતરે આરામ કરીશું
- ફળો અને શાકભાજી ખાઓ, જેમાં પાણીનું પ્રમાણ વધારે હોય જેમ કે તરબૂચ, સક્કર ટેટી, કેરી વગેરે

## લુ લાગવા (હીટ સ્ટ્રોક)ના લક્ષણો

- ગરમી થી અળઈઓ
- ખૂબ પરસેવો થવો અને અશક્તિ લાગવી
- માથાનો દુઃખાવો, ચક્કર આવવા
- ચામડી લાલ, સૂકી અને ગરમ થઈ જવી
- સ્નાયુઓમાં દુઃખાવો અને અશક્તિ
- ઉબકા અને ઉલ્ટી થવી

Volume-10 | Issue-105 | April 25, 2019

# CIMS HOSPITAL




LOOKING FOR WORLD-CLASS PATIENT CARE ?

## LOOK FOR THE GOLD SEAL




Joint Commission International
JCI (USA - International)

A Promise of
Quality Healthcare

## Only Multi-specialty Hospital in Ahmedabad (Amongst Only 31 Multi-specialty Hospitals of India)

## A Global Symbol of Healthcare Quality

by

Joint Commission International (JCI)-USA



The World's Leading
Safety Organisation
Which Assesses and Awards
Hospitals for
Patient Safety & Quality

www.jointcommissioninternational.org

www.cims.org

CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices

**CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad - 380060
Ph.: +91-79-2771 2771-72 Fax: +91-79-2771 2770
Email: info@cims.org

JCI (USA) | NABH | NABH ER | ACC International Centers Of Excellence

AMBULANCE : +91-98 24 45 00 00 | EMERGENCY : +91-97 23 45 00 00 | 24 X 7 MEDICAL HELP LINE +91-70 69 00 00 00

CIMS News
Care & Cure
Volume-10 | Issue-105 | April 25, 2019

CIMS
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

CIMS News Care & Cure Registered under RNI No. GUJBIL/2010/39100
Published 25th of every month
Registered under Postal Registration No. GAMC-1813/2017-2019 valid upto 31st December, 2019
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 30th to 5th of every month
Licence to Post Without Prepayment No. CPMG/GJ/102/2017-2019 valid upto 31st December, 2019

If undelivered Please Return to

**CIMS Hospital**
Nr. Shukan Mall, Off Science City Road,
Sola, Ahmedabad-380060.
Phone : +91-79-2771 2771-72
Mobile : +91-98250 66664, +91-98250 66668

**Subscribe "CIMS News Care & Cure" :** Get your "CIMS News Care & Cure", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-3010 1059 / 3010 1060. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription

# સીમ્સ હોસ્પિટલ દ્વારા મેડીકલ કેમ્પ કરવામાં આવ્યા હતા

### જૈન મંદિર, ભૂયંગદેવ, અમદાવાદ





### ગોદરેજ ગાર્ડન સીટી - અમદાવાદ





### જોય જમ્પર સ્કુલ - અમદાવાદ





### પાલી, રાજસ્થાન





**આવી જ રીતે તમારા ત્યાં મેડીકલ કેમ્પ કરવો હોય તો,**
**વધુ જાણકારી માટે સંપર્ક કરો : શ્રી કેતન આચાર્ય - મો. +91-98251 08257**

CIMS Hospital : Regd Office: Plot No.67/1, Opp. Panchamrut Bunglows, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad - 380060.
Ph. : +91-79-2771 2771-72 Fax: +91-79-2771 2770.
CIMS Hospital Pvt. Ltd. | CIN : U85110GJ2001PTC039962 | info@cims.org | www.cims.org

Printed, Published and Edited by Preeta Chag on behalf of the CIMS Hospital
Printed at High Scan Pvt. Ltd., 'Hi Scan Estate', Sarkhej-Bavla Highway, Changodar. Ahmedabad-382 213.
Published from CIMS Hospital, Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060.